## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કોઈ 'શાંતા' ક્લોઝ નથી આવી, તું નાહકની શક કરે છે, હું તો નાતાલની વાત મારા મિત્ર સાથે કરતો હતો...!!

# સેકટરોની શેરીઓમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અંધારપટ

## શહેરમાં સ્ટ્રીટલાઈટના નવા થાંભલાને કલર કરવાની કામગીરી આરંભાઈ

ગાંધીનગર, તા.૨૬

શહેરના સેક્ટરોમાં એક બાજુ સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરવાનું કામ ચાલી રહ્યું છે તો સેક્ટર-૬મા સ્ટ્રીટલાઈટના નવા થાંભલાઓ પણ નાખવામાં આવી રહ્યા છે. સ્ટ્રીટ લાઈટની સેવા અન્વય ગાંધીનગરમાં એલીડી લાઈટનો પ્રોજેક્ટ અમલમાં આવ્યા બાદ બિલની રકમમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે પરંતુ સેક્ટરોમાં હજુ પણ સ્ટ્રીટ લાઈટની ફરિયાદોનું પ્રમાણ યથાવત છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણી યોગ્ય રીતે થતી નથી જેના લીધે શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદ વધી ગઈ



સેક્ટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા ખુલ્લા અને જોખમી જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત શિયાળાની આખરી ઠંડીના દિવસોમાં આમ પણ સાંજ ઢળતા જ સન્નાટો છવાઈ જાય છે ત્યારે સેક્ટરોની શેરીઓમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોવાના લીધે અંધારપટ સર્જાતા નાગરિકોને હાલાકી વેઠવી પડે છે. સેક્ટર-૨,૩ અને પાંચમાં છેલ્લા ઘણા દિવસથી સ્ટ્રીટ લાઈટ વારંવાર ડૂલ થઈ જતી હોવાની ફરિયાદો ઉઠવા પામી ઠંડીના દિવસોમાં રાત્રિના સમયે સેક્ટરો ની શેરીઓમાં અંધારપટ સર્જાય છે જેના લીધે મહિલાઓ અને વડીલો એ ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બને છે સેક્ટરોમાં સ્ટ્રીટ લાઈટ ની ફરિયાદ નિવારવા માટે ઓનલાઈન મોનિટરિંગ કરવામાં આવતું હોવાનું પણ તંત્રના અધિકારીઓ જણાવે છે છે પરંતુ સ્ટ્રીટ લાઈટની ફરિયાદોનો ત્વરિત નિરાકરણ આવતું નથી તેઓ રોજ પણ સ્થાનિક નાગરિકોમા પ્રબળ બન્યો સેક્ટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટ અંગે સર્વે કરી કરી ત્વરિત કામગીરી હાથ ધરાય તેવી માંગ પણ સ્થાનિક રહીશો કરી રહ્યા છે.

# ગાંધીનગર એસ.ટી. ડેપોમાં દિવાળી બાદ આવકમાં વધારો

ગાંધીનગર, તા. ૨૬

કોરોના કાળ દરમિયાન છેલ્લા આઠ મહિનાથી એસટી નિગમની આવકમાં ધરખમ ઘટાડો થયો છે પ્રારંભિક તબક્કે લોકડાઉનના અંતે એસટીની સલામત સવારી ત્રણ મહિના બાદ માર્ગો પર દોડતી થઈ હતી પરંતુ કોરોનાના સંક્રમણથી બચવા નાગરિકો એસટી બસમાં બેસવા નું પસંદ કરતા ન હતા એસટી બસના પૈડા માંડ ફરતા થયા હતા પરંતુ કોરોના ના વધતા કેશ વચ્ચે સલામત સવારીમાં પણ નિયત સંખ્યામાં જ શરૂ કરી દેવામાં આવી હતી. આમ છતાં એસટી બસો ખાલી જતી હોવાનું સ્પષ્ટ થયું હતું.

જો કે દિવાળીના દોઢ મહિના બાદ હવે એસટી બસનો ઉપયોગ વિશેષ થઈ રહ્યો છે મુસાફરોની સંખ્યા વધી છે જેના લીધે એસટીની આવકમાં પણ ૪૦ ટકાનો વધારો થયો છે હાલ ગાંધીનગર ડેપોને શહેરી બસ સેવા અન્વયે ત્રણથી સાડા ત્રણ લાખની આવક થાય છે જે ગત દિવસો કરતા વધુ છે અલબત્ત એક બાજુ કોરોનાના દર્દીઓમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે ત્યારે




મુસાફરોને બેસાડવા ઉપરાંત ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવી રહ્યું છે. ગત દિવાળી દરમિયાન અચાનક જ કોરોનાના કેસ વધી જતા મુસાફરો એસટી બસમાં બેસવાનું ટાળતા હતા. જેના લીધે ગાંધીનગર ડેપોથી ઉપડતી બહારગામ રૂટની બસ તેમજ શહેરી બસ સેવા મા પુરતો ટ્રાફિક મળતો ન હતો જેના લીધે એસટી ડેપોની આવકમાં ધરખમ ઘટાડો થયો હતો ગાંધીનગર ડેપો ને માત્ર ૩૦થી ૩૫ ટકા આવક જતી હતી. ગાંધીનગર શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટની બસો વોલ્વો બસ સેવા પણ મુસાફરો હવે એસટી બસમાં અપડાઉન કરવાનું પસંદ કરી રહ્યા છે જેના લીધે એસટીની આવક પણ ૭૦ થી ૭૫ ટકા થઈ ગઈ છે સલામત સવારી ને યોગ્ય ટ્રાફિક મળતા ગાંધીનગર ડેપોની આવક પણ વધી છે જોકે હાલ પણ એસટી બસોમાં કોરોના સંક્રમણ ને અટકાવવા યોગ્ય નિયમોનું પાલન કરવામાં આવી રહ્યું છે ત્યારે આગામી દિવસોમાં એસટી તંત્રે ખોટ સહન કરવી પડે તેવી આશા બંધાઈ છે. દિવાળી બાદ ગાંધીનગર ડેપોની આવકમાં વધારો શહેરી બસ સેવા અન્વયે પ્રતિદિન ૩.૫૦ લાખની આવક નોંધાઈ છે.

# રિવરફ્રન્ટ પર દર વર્ષે યોજાતો આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ રદ

## હાઈકોર્ટની ટકોર બાદ રાજ્ય સરકારનો નિર્ણય : દિવાળીના તહેવારમાં લોકોના મોટી સંખ્યામાં બહાર નીકળ્યા બાદ અચાનક કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો હતો

ગાંધીનગર,તા.૨૬

કોરોના વાયરસ દેશ સહિત દુનિયાભરમાં કહેર મચાવી ચૂક્યો છે. ગુજરાતમાં દિવાળીના તહેવારમાં લોકોના મોટી સંખ્યામાં બહાર નીકળ્યા બાદ અચાનક કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો હતો, પરિણામે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં રાત્રિ કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યું છે. કોરોનાના કારણે આ વર્ષે અમદાવાદના રિવરફ્રન્ટ પર આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન પણ રદ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે આ વર્ષે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ પણ નહીં યોજવાનો નિર્ણય કર્યો છે. કોરોના સંક્રમણ અટકાવવા માટે ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને આકરી ટકોર કરી હતી. હાલમાં જ દિવાળી ટાણે રાજ્યમાં કોરોનાના કેસોનો વિસ્ફોટ થયો હતો. લોકોની બેદરકારી અને રાજ્ય સરકારની કાયદાનો અમલ કરાવવામાં ઢીલાશની હાઈકોર્ટે ઝાટકણી કાઢી હતી. એવામાં ઉત્તરાયણના પર્વને લઈને સરકાર એસઓપી જાહેર કરી શકે છે તેમજ ઉત્તરાયણની ઉજવણીમાં પોલીસ દ્વારા પણ મોનિટરીંગ રાખવામાં આવી શકે છે.

ગુજરાત હાઈકોર્ટે પીઆઈએલની સુનાવણીમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ન્યૂ યર અને ઉત્તરાયણના તહેવારોમાં સજાગ તેમજ સાવચેત રહે. લોકોની નારાજગીની ચિંતા રાજ્ય સરકાર ના કરે અને રાજ્યમાં કાયદાનું યોગ્ય પાલન કરી જાહેર ઉજવણી પર પ્રતિબંધ મૂકે. દિવાળીની જેમ કોરોનાના કેસો પર કાબૂ મેળવવાની પ્રક્રિયા પર ન્યૂ યર અને ઉત્તરાયણની ઉજવણીથી પાણી ફરી ના જાય. હાઈકોર્ટની આકરી ટકોર બાદ રાજ્ય સરકારે તાત્કાલિક પગલાં લેતા આ વર્ષે રિવરફ્રન્ટ પર આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ રદ કરવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ કોરોના કાળમાં આંતરાષ્ટ્રીય ફ્લાઈટ હજુ રાબેતા મુજબ શરૂ નથી થઈ અને કોરોનાનું સંકટ સમગ્ર દુનિયામાં ફેલાયેલું હોવાથી પતંગ મહોતસ્વમાં આવતા વિદેશી પતંગબાજો પણ આવશે કે કેમ તે અંગે શંકાઓ સેવાતી હતી.



શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત ન્યૂ રાણીપ ખાતે વેદરત્ન આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની સ્મૃતિમાં મુખ્ય ચાર રસ્તા ખાતે સર્કલનું વર્તમાન આચાર્યશ્રીની આજ્ઞા અન્વયે ખાતમુર્હુત કરતા મહંત સદગુરુ શ્રી ભગવતપ્રીયદાસજી સ્વામી, પુજ્ય સંતો, સાબરમતી વિધાનસભાના ધારાસભ્યશ્રી, તેમજ કોર્પોરેટરશ્રીઓ સદગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

# માત્ર ૪૮ કલાકમાં જ લઘુત્તમ તાપમાન ૭.૫ ડિગ્રી ઉંચકાયું

## ઠંડીનો પારો ૮.૫ ડિગ્રીએ જઈને અત્યારે ૧૬ ડિગ્રી આવી ગયો : શહેરના આકાશમાં વાદળોની હાજરીએ પણ ચિંતા કરાવી : મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી નોંધાયું

શહેરમાં એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને માત્ર ૪૮ કલાકમાં જ તાપમાનનો લઘુત્તમ પારો ૭.૫ ડિગ્રી જેટલો વધીને ૧૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૦.૫ ડિગ્રી સેલ્શિયસ અને લઘુત્તમ ૧૬ ડિગ્રી સે. નોંધાયો હતો જયારે હવામાનમાં ભેજનું પ્રમાણ જે સવારે ૬૮ ટકા હતું તે પણ સાંજ સુધીમાં ઘટીને ૫૪ ટકા જેટલું થઈ ગયું હતું. આજે શહેરના આકાશમાં વાદળોની હાજરી પણ જોવા મળતાં ખેડૂત વર્ગ સહિત નાગરિકોના કપાળે ચિંતાની રેખા તણાતી અનુભવાઈ હતી.

ડિસેમ્બરના મધ્યભાગમાં શહેરમાં ઠંડીનું પ્રમાણ તીવ્ર જોવા




મળ્યું હતું અને તાપમાન ૮.૫ ડિગ્રી જેટલું નીચે ગગડી જતા શહેરીજનોએ કડકડતી ઠંડીનો અનુભવ કર્યો હતો સિંગલ ડિજીટ સુધી નીચે આવી ગયેલા તાપમાનને કારણે મોર્નીંગ વોક માટે નીકળતા શહેરીજનો પણ ગરમ કપડામાં લપેટાઈને નીકળેલા જોવા મળ્યા હતા એટલું નહીં પરંતુ આખા દિવસ દરમ્યાન શહેરીજનોને ગરમ વસ્ત્રો ધારણ કરવાની ફરજ પડી હતી. ઠંડીના આ ગાળામાં શહેરની ચહલપહલ પણ ઘણી મંદ પડી જવા પામી હતી પરંતુ અચાનક વાતાવરણે પલ્ટો માર્યો છે અને શહેરમાં માત્ર ૪૮ કલાકમાં આશરે બમણાં આંક સુધી તાપમાન વધી જવા પામ્યું છે. અધુરામાં પુરું શહેરના આકાશમાં વાદળોની પણ હાજરી જોવા મળતાં માવઠું થવાની શકયતાએ શહેરીજનો ઉપરાંત ખેડૂત વર્ગમાં પણ ચિંતા જોવા મળી હતી.

# બોર્ડે કોર્સની સ્પષ્ટતા ન કરતા વિદ્યાર્થીઓની મૂંઝવણ વધી

## ૯થી ૧૨ના કોર્ષમાં ૩૦ ટકા ઘટાડો જાહેર કરાયો છે : શિક્ષણમંત્રીએ તાજેતરમાં જ બોર્ડની પરીક્ષા મે ૨૦૨૧માં લેવાશે એવી જાહેરાત કરી પણ માળખાની સ્પષ્ટતા ન થઈ

ગાંધીનગર,તા.૨૬

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૯-૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. જેથી આગામી બોર્ડની પરીક્ષામાં બાદ કરાયેલા અભ્યાસક્રમમાંથી કંઈ પૂછાશે નહીં. જો કે, આ ફેરફાર બાદ બોર્ડ દ્વારા હજી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા માટે પ્રશ્નપત્રનું પરિરૂપ અને માળખું જાહેર ના કરતાં વિદ્યાર્થીઓ મૂંઝવણમાં છે. અભ્યાસક્રમમાં કરવામાં આવેલા ઘટાડા બાદ કયા પ્રકરણનો કેટલો ગુણભાર રહેશે અને કેવા પ્રશ્નો પૂછાશે તે અંગેની વિગતો વહેલી તકે જાહેર કરવામાં આવે તેવી માગ ઉઠી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણમંત્રીએ હાલમાં જ બોર્ડની પરીક્ષા અંગે જાહેરાત કરી હતી. જેમાં આ વખતે બોર્ડની પરીક્ષા મે ૨૦૨૧માં લેવાશે તેમ જણાવ્યું હતું. જ્યારે ધોરણ ૯ અને ૧૧ની પરીક્ષા જૂનમાં લેવાનું આયોજન થયું હોવાની વિગતો મળી છે. કોરોનાના કહેરના પગલે સ્કૂલો બંધ છે અને વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવાઈ રહ્યો છે. પરિણામે શિક્ષણ વિભાગે ધોરણ ૯થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકા ઘટાડો જાહેર કર્યો હતો. જેથી ધોરણ ૯થી ૧૨ની આગામી પરીક્ષા ઘટાડેલા અભ્યાસક્રમના આધારે લેવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા વિષય પ્રમાણે, ઘટાડેલા અભ્યાસક્રમની વિગતો જાહેર કરવામાં આવી હતી. ઉપરાંત આ વર્ષે લેવાનારી પરીક્ષા માટે હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૨૦ ટકાથી વધારીને ૩૦ ટકા જેટલું કરવામાં આવ્યું છે. જ્યારે ધોરણ ૧૨ માટે હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૫૦ ટકા જેટલું રાખવામાં આવ્યું છે. આમ બોર્ડ દ્વારા પરીક્ષાને લગતી મોટાભાગની વિગતો જાહેર કરી દેવામાં આવી છે. જો કે, વિદ્યાર્થીઓ માટે પરીક્ષાને લગતી મહત્વની એવી પરીક્ષાનું પરિરૂપ અને માળખું જાહેર કરાયું નથી. જે વિષયમાં ૩૦ ટકા ઘટાડો કરાયો છે તેમાં અન્ય પ્રકરણનું ગુણભાર કેટલું રહેશે અને તેમાંથી કયા પ્રકારના પ્રશ્નો બોર્ડની પરીક્ષામાં પૂછાશે તે અંગેની વિગતવાર માહિતી બોર્ડ દ્વારા વહેલી તકે જાહેર કરવામાં આવે તો વિદ્યાર્થીઓ અત્યારથી જ બોર્ડની પરીક્ષાની તૈયારી કરી શકે છે. શિક્ષણમંત્રીની જાહેરાત પ્રમાણે, બોર્ડની પરીક્ષાને આડે હવે માંડ ચાર મહિનાનો સમય બાકી છે ત્યારે પ્રશ્નપત્રનું ગુણભાર અને પરિરૂપ જાહેર કરવામાં આવે તેવી માગ ઉઠી છે.

# અમદાવાદમાં વારસાઈ હક માટે સફાઈકર્મીની હડતાળ

અમદાવાદ,તા.૨૬

એકતરફ કોરોના વાયરસ જેવી મહામારી અને બીજીતરફ શહેરમાં ત્રીજા દિવસે પણ સફાઈકમદારોની હડતાળ યથાવત રહી છે. જેના કારણે શહેરમાં અલગ અલગ જગ્યાએ કચરાના ઢગ ફેલાયા છે. તો બીજીતરફ જ્યાં સુધી પોતાની માગણીઓ નહિ સ્વીકારાય ત્યાં ધરણાં ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે. સફાઈકમદારોએ રસોઈ સામગ્રી અને પાણીના જગ સાથે ડેરા જમાવી દીધા છે. તો કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેને લઈ પોલીસનો કાફલો પણ એએમસી ઓફિસએ ખડકી દેવાયો છે. અમદાવાદના નવા પશ્ચિમ ઝોનના ૬૨૦૦ સફાઈ કર્મીઓને પણ વારસાઈ હક્ક મળવો જોઈએ જેની અગાઉ અનેક વાર રજુઆત કરાઈ હતી. પણ તે માગણી ન સ્વીકારતા એક સફાઈ કર્મીએ ચાર દિવસ પહેલા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ન્યાય ના મળે ત્યાં સુધી હડતાળ પર રહેવની ચીમકી આપવામાં આવી હતી. આ હડતાળને સફાઈકમદારોના સૌથી મોટા યુનિયન નોકર મંડળે પણ ટેકો જાહેર કર્યો હતો. ત્યારે હવે સફાઈકમદારો લડી લેવાના મૂડમાં જણાઈ રહ્યા છે. એકતરફ સફાઈકમદારોએ અચોક્કસ મુદતની હડતાળને લઈ નવા પશ્ચિમ ઝોનની ઓફિસ આગળ જ રસોડું શરૂ કરી દીધું છે. સફાઈકમદારોના આગેવાનોનું કહેવું છે કે, ત્રણ દિવસ થવા છતાં કોર્પોરેશનના અધિકારીઓએ કોઈ માગણી સ્વીકારવાની વાત કરી નથી. એટલે માગણી નહિ સ્વીકારે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાળ યથાવત રહેશે. સફાઈકામદારઓ માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજીતરફ હડતાળને લઈ શહેરની સ્થતિ વણસી છે. ઘણા વિસ્તારોમાં સફાઈકમદારોએ કચરો નહિ ઉપાડતા ઠેરઠેર કચરાના ઢગ ફેલાયા છે. મહત્વનું છે કે એકતરફ કોરોના મહામારીના પગલે કેસ વધી રહ્યા છે તેવામાં સફાઈ કામદારઓએ હડતાલના કારણે કચરો નહિ ઉપાડતા ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે અને લોકોમાં પણ રોગચાળો વકરવાની દહેશત ફેલાઈ છે.

## ખૂણેખાંચરેથી

- મંગળવારે ગાંધીનગરમાં યોજાનાર ડ્રાય રન ટેસ્ટની તૈયારીઓ તેમજ તાલિમની ચકાસણી માટે આજે ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા બપોરે ૩ થી ૫ દરમિયાન વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરાઈ હતી.
- મંગળવારના ડ્રાય રન ટેસ્ટમાં ૨૦૦થી વધુ લોકોને વેક્સીનેશન માટે સેન્સેટાઈઝ કરવામાં આવશે.
- આગામી સપ્તાહમાં સનદી અધિકારીઓ સહિતના વિવિધ સંવર્ગના અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપાશે તેવી ચર્ચા કર્મચારી વર્તુળોમાં ચર્ચાતી સાંભળવા મળી છે.
- ગાંધીનગર જિલ્લામાં રાજકીય આગેવાનો સતત આવન-જાવનને લઈ લોકો હવે થાક અનુભવવા લાગ્યા છે. ગઈકાલે સુશાસન દિવસની ઉજવણી બાદ આજે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હતા. આવતીકાલે મનકી બાતનો કાર્યક્રમ સાંભળવાનો કાર્યક્રમ પણ એક ખાનગી રિસોર્ટમાં યોજાયો છે.
- ગાંધીનગર શહેરના મેયર રીટાબેન પટેલ અને જિલ્લા માટે નિમાયેલ ઈન્ચાર્જ હર્ષદભાઈ પટેલ આજે 'મન કી બાત' કાર્યક્રમમાં હાજરી આપવા ચિલોડાના ખાનગી રિસોર્ટમાં કાર્યકરો સાથે જશે.
- સે-૨૯ના અર્બન હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસરની સામે સેકટરના વસાહતીઓમાં તેમના વર્તન અને વ્યવહાર સામે રોષની લાગણી જન્મી છે.
- સે-૧૭ના વેપારી અગ્રણી અને શહેર વેપારી મંડળના પૂર્વ પ્રમુખ નટવરભાઈ કે. વ્યાસનું આજે દુ:ખદ અવસાન થતાં વેપારી આલમમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ડ્રાફ્ટ વિધાઉટ પ્રેજ્યુડાઈસ (ડ્રાફ્ટ ફોર એપ્રુવલ)

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ - ડીસ્ટ્રીક અને તાલુકા ગાંધીનગરના ગામ માજે રાંધેજાના નવા બ્લોક/સર્વે નંબર - ૧૪૫૬ (જૂના બ્લોક /સર્વે નંબર - ૧૧૬૭/૧)ની ખાતા નંબર - ૧૩૪૫ ધરાવતી કુલ ૬૪૪૭ ચોરસમીટર પૈકીની ૩૨૦૦ ચોરસ મીટરના ક્ષેત્રફળની બીનખેતીના હેતુ માટે પ્રીમીયને પાત્ર જમીન (૧) પરમાર પ્રતાપજી શીવાજી (૨) પરમાર મગનજી શીવાજી (૩) સ્વર્ગસ્થ પરમાર બચુજી લક્ષ્મણજીના વારસો (અ) પરમાર જીતેન્દ્રકુમાર બચુજી (બ) પરમાર નરેન્દ્રસિંહ બચુજી (ક) પરમાર અર્જુનસિંહ બચુજી (ડ) કૈલાસબેન ખોડાજી ડાભી જે પરમાર બચુજી લક્ષ્મણજીના દીકરી (૪) પરમાર પોપટજી લક્ષ્મણજી (૫) પરમાર જીલુજી લક્ષ્મણજી અને (૬) પરમાર જશુજી લક્ષ્મણજી, સર્વે રહેવાસી - ગામ રાંધેજા, તાલુકો અને જીલ્લો - ગાંધીનગરની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજાઓ રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીન અંગે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની માંગણી કરેલી છે. તથા સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલું છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સનું સર્ટીફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તથા અમારા અસીલ દ્વારા જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૩/૧૨/૨૦૨૦

પાર્થ એચ. ભટ્ટ (એડવોકેટ)
એ/૪૦૬-૪૦૭, સત્યમેવ
ગુજરાત હાઈકોર્ટની સામે,
એસ.જી. હાઈવે,
અમદાવાદ-૩૮૦૦૬૦
(ફોન) ૨૭૬૬૩૧૧૧
(મોબાઈલ) ૯૮૨૫૦ ૬૨૯૦૬

**સહીઓ/-**

(૧) સ્વર્ગસ્થ પરમાર પ્રતાપજી શીવાજીના વારસો
(૨) પરમાર મગનજી શીવાજીના વારસ
(૩) પરમાર જીતેન્દ્રકુમાર બચુજી
(૪) પરમાર નરેન્દ્રસિંહ બચુજી
(૫) પરમાર અર્જુનસિંહ બચુજી
(૬) ડાભી કૈલાસબેન ખોડાજી
(૭) પરમાર પોપટજી લક્ષ્મણજી
(૮) પરમાર જીલુજી લક્ષ્મણજી
(૯) પરમાર જશુજી લક્ષ્મણજી